# અંકલેશ્વર GIDCમાં 50% ગેસ કાપ

**1200 ઉદ્યોગો બંધ થવાની કગારે, 1 લાખ કામદારોની રોજગારી જોખમમાં**



પ્રવીણ તૈરૈયા

અંકલેશ્વર, ભરૂચઃ ખાડી દેશોમાં યુદ્ધ જેવી સ્થિતિના કારણે સર્જાયેલા ગેસ સંકટની સીધી અસર હવે અંકલેશ્વરની ઔદ્યોગિક વસાહત પર જોવા મળી રહી છે. અંકલેશ્વર GIDCમાં ગેસ સપ્લાયમાં 50 ટકા સુધીનો કાપ મુકાતાં ઉદ્યોગો ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યા છે.

બોઈલર આધારિત ઉત્પાદન પ્રક્રિયા માટે ગેસ અનિવાર્ય હોવાથી અનેક એકમોનું ઉત્પાદન ખોરવાઈ ગયું છે, જ્યારે કેટલાક ઉદ્યોગોએ અંશતઃ બંધ કરવાની ફરજ પડી છે. વિશ્લેષકોના મતે આ સ્થિતિ લાંબી ચાલે તો આશરે 1200થી વધુ નાના અને મધ્યમ ઉદ્યોગો બંધ થવાની કગાર પર આવી શકે છે. તેની સીધી અસર એક લાખથી વધુ કામદારોની રોજગારી પર પડશે, જે સામાજિક અને આર્થિક દ્રષ્ટિએ ગંભીર ચિંતાનો વિષય છે.

ગેસની અછતને પહોંચી વળવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)એ પ્રવાહી ઈંધણના ઉપયોગ માટે છૂટ આપી છે, પરંતુ તેનો ખર્ચ વધુ હોવાથી અને પર્યાવરણીય નિયમો કડક હોવાથી આ વિકલ્પ દરેક ઉદ્યોગ માટે વ્યવહારુ સાબિત થતો નથી. ઉદ્યોગ સંગઠનોએ બાયો કોલ અને બગાસ જેવા પર્યાવરણમૈત્રી વિકલ્પો પર ભાર મૂક્યો છે, જે કૃષિ કચરામાંથી તૈયાર થતા હોવાથી ખેડૂતોને વધારાની આવક પૂરી પાડે છે. જો કે, GPCB પાસેથી મંજૂરી મેળવવામાં છ મહિનાથી વધુ સમય લાગતો હોવાથી આ વિકલ્પો તાત્કાલિક ઉપયોગ માટે શક્ય બની શકતા નથી.

ઉત્પાદન ખર્ચમાં વધારો, ઓર્ડર પૂર્ણ કરવામાં વિલંબ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઘટાડો જેવા ત્રણ મુખ્ય પડકારો હાલમાં ઉદ્યોગોને ઘેરી રહ્યા છે. ઉદ્યોગકારોએ ગેસ સપ્લાય પુનઃસંતુલિત કરવા, વિકલ્પ ઈંધણ માટે સરળ અને તાત્કાલિક મંજૂરી આપવા, તેમજ પર્યાવરણ નિયમોમાં સમયબદ્ધ રાહત આપવાની માંગણી કરી છે.

સાથે જ, 'વેસ્ટ ટુ એનર્જી' મોડલ હેઠળ બાયો કોલ જેવા વિકલ્પોને પ્રોત્સાહન આપવાની પણ જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે.

### પ્રાદેશિક અર્થતંત્ર માટે મોટો ખતરો

આ કટોકટી માત્ર ઉદ્યોગો સુધી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર પ્રાદેશિક અર્થતંત્ર માટે મોટો ખતરો બની ગઈ છે. સમયસર નિર્ણય ન લેવાય તો ઉત્પાદન ઘટવાથી નિકાસને અસર પહોંચશે અને બેરોજગારીનો ભય વધી જશે. ઉદ્યોગ જગત હાલ સરકાર અને સંબંધિત તંત્ર તરફ આશાભરી નજરે જોઈ રહ્યું છે, અને ત્વરિત નિર્ણય લેવાશે તો જ ઉદ્યોગો ફરી ગતિ પકડી શકશે અને રોજગારીનું સંરક્ષણ શક્ય બનશે.

## ભરૂચમાં પેન્શનર્સનું કલેક્ટરને આવેદન

ભરૂચઃ રાજ્ય દ્વારા લાગુ કરવામાં આવેલા પેન્શનના નવા નિયમો અને ઓનલાઈન પોર્ટલ વ્યવસ્થા સામે નિવૃત્ત કર્મચારીઓમાં વ્યાપક અસંતોષ જોવા મળ્યો છે. આ મુદ્દે ભરૂચ જિલ્લા પેન્શનર્સ મંડળ દ્વારા બુધવારે રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે.

મંડળના સભ્યો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ એકત્ર થયા હતા અને સરકારની નવી પેન્શન પોર્ટલ વ્યવસ્થા સામે રજૂઆત કરી હતી. આવેદનપત્રમાં જણાવાયું છે કે, પેન્શન પોર્ટલનો ઉદ્દેશ્ય નિવૃત્ત કર્મચારીઓને સરળતા, પારદર્શિતા અને સમયસર ચુકવણી સુનિશ્ચિત કરવાનો હતો, પરંતુ વર્તમાન સ્થિતિ તેનાથી વિપરીત હોવાનો આરોપ પેન્શનર્સે લગાવ્યો છે. આવેદનપત્રમાં 1 સપ્ટેમ્બર 2025 પહેલાં અને બાદમાં નિવૃત્ત થયેલા કર્મચારીઓ વચ્ચે પેન્શનની ગણતરી અને ચૂકવણીમાં કરવામાં આવેલા તફાવતને સમાનતાનો મુદ્દો બનાવીને ખાસ ઉજાગર કરાયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કરચેલિયા ગામમાં વિશ્વ ટી.બી. દિવસે રેલી



...મા દિવાન

ભોરિયાઃ મહુવાના કરચેલિયા ગામે વિશ્વ ટી.બી. દિવસની ઉજવણી નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ જિલ્લા અધિકારી ડો.અનિલ પટેલ અને જિલ્લા ક્ષય નિયંત્રણ અધિકારી ડો.દિનેશ વસાવાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે આરોગ્ય વિભાગના કર્મચારીઓ, આશા વર્કરો તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં એક વિશાળ જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન ટી.બી.ના લક્ષણો, સમયસર સારવાર અને સાવચેતી વિશે લોકોમાં માહિતી પહોંચાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહુવા તાલુકાનાં 15 ગામના સરપંચનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

### નૌગામા પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ



હિતેશ પટેલ

માંડવીઃ નૌગામા પ્રાથમિક શાળામાં ધો.8ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભ તેમજ શિક્ષક રાકેશભાઇ ગુરજીભાઇ ચૌધરીની વયનિવૃત્તિ નિમિત્તે ભાવભીની અને ગૌરવભરી વિધિ યોજાઇ હતી. આ કાર્યક્રમમાં ધો.8ના વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી તેમને જીવનના નવા પડાવ માટે પ્રેરણા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રનાં મુખ્ય શિક્ષિકા દક્ષાબેન, નૌગામાનાં સરપંચ નિકિતાબેન, વદેશિયાના મિતલ વિલાસભાઈ ચૌધરી, શિક્ષણ સંઘના પ્રતિનિધિઓ તેમજ આજુબાજુના ગામોના શિક્ષકો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### આજે નેત્રંગ નગરમાં રામનવમી નિમિતે શોભાયાત્રા નીકળશે



પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ સમગ્ર નેત્રંગ પંથકમાં ચૈત્ર નવરાત્રિ નિમિત્તે ભક્તિમય માહોલ છવાયો છે. અંબાજી મંદિર, શિકોતર માતાજી અને કડિયાડુંગર જેવાં ધાર્મિક સ્થળોએ ભક્તોની ભારે ભીડ ઊમટી રહી છે. તા.૨૬ના રોજ શિકોતર માતાજીના મંદિરે હોમહવન અને મહાપ્રસાદ યોજાશે, જ્યારે ૨૭મીએ વિશ્વ શાંતિ અર્થે નવચંડી યજ્ઞનું આયોજન કરાયું છે. બીજી તરફ, રામનવમી નિમિત્તે શ્રી રામજી મંદિર ખાતે રામલલ્લાના જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. બપોરે ૧૨ કલાકે જન્મોત્સવ બાદ ભવ્ય શોભાયાત્રા અને મહાપ્રસાદનું આયોજન થતા શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### બારડોલીના અંબિકાનિકેતન મંદિરમાં પેવર બ્લોક નાંખવાના કાર્યનું ખાતમુહૂર્ત



બારડોલીઃ બારડોલીમાં ગોવિંદાશ્રમ સંચાલિત અંબિકાનિકેતન મંદિર ખાતે બુધવારે સવારે 10 કલાકે એક વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મંદિરની વધારાની ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક નાંખવાના કામનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજારી જયેશભાઇ પંડ્યા દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજન કરાવાયું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ટ્રસ્ટી દિનેશ સી. દેસાઇ, મેનેજિંગ ટ્રસ્ટી દુષ્યંતભાઇ પટેલ તેમજ ટ્રસ્ટીઓ ધનસુખભાઇ પટેલ, જયેશભાઇ પટેલ અને પંકજભાઇ જોશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ વ્યોમભાઇ પાઠક અને કોન્ટ્રાક્ટર બ્રિજેશભાઇ પટેલની ઉપસ્થિતિમાં આ વિકાસ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### સોડગામ ખાતે ટોકરી બ્રિજની સ્થિતિ દયનીય



ભરૂચઃ વાલિયાથી વિઠ્ઠલગામ સુધીનો માર્ગ ભલે ટીકળીબંધ બની ગયો હોય, પરંતુ વર્ષો જૂના ટોકરી નદી પરના જર્જરિત બ્રિજને કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. સોડગામ ગામ પાસે આવેલા આ બ્રિજ પર અઢળક ખાડા પડી ગયા છે, જેના કારણે તે અકસ્માત ઝોનમાં બની ગયો છે. છેલ્લાં બે વર્ષથી વાલિયા, દેસાડ, સોડગામ અને વિઠ્ઠલગામ સુધીનો રોડ મજબૂત બનાવવામાં આવ્યો છે, પરંતુ આ બ્રિજની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. બ્રિજની બંને બાજુએ પેરાફિટ ન હોવાથી નદીનું પાણી સીધું દેખાય છે, જે જોખમી સ્થિતિ ઊભી કરે છે. વધુમાં બ્રિજ પર પડેલા ખાડાઓ વાહનચાલકો માટે મુશ્કેલીનું કારણ બની રહ્યા છે. ત્યારે ખાડા તાત્કાલિક પુરવા અને સલામતીનાં પગલાં લેવાની માંગ કરી છે.

### સારંગપુરમાં ભાથીજી મહારાજ મંદિરે કાર્યક્રમ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સારંગપુર ગામ સ્થિત મારુતિધામ-1માં ભાથીજી મહારાજ મંદિરનો ત્રીજો પાટોત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. મંદિર ખાતે પૂજા-અર્ચના, હોમ-હવન તેમજ મહાપ્રસાદીનો ભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. તો રાત્રે ભજન-કિર્તનનું આયોજન કરાયું હતું.

### અંકલેશ્વરમાં સુંદરકાંડ પાઠ યોજાયો

અંકલેશ્વરઃ ચૈત્રી નવરાત્રિના પાવન અવસરે શ્રી સનાતન સેવા સમિતિ રોયલ સનાતન ગ્રુપ દ્વારા માનવ મંદિર, ખાતે સુંદરકાંડ પાઠનું ભવ્ય આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ ભક્તિભાવ અને શ્રદ્ધા સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### પીપરિયા ગામમાં ચોરી કરનાર બે ઝડપાયા



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના પીપરિયામાં આવેલી લિફ્ટ ઇરિગેશન યોજનાના સોલાર પ્લાન્ટમાંથી ઇલેક્ટ્રિક વાયર અને મોટર કેબલની ચોરી કરનાર બે આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા. પેટ્રોલિંગ દરમિયાન બારડોલીના સિંગોડ ગામના ડેરી ફળિયામાં રહેતા દિવ્યેશ રાઠોડ અને ઉમેશ હળપતિ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી મોટરસાઇકલ નં.(GJ-19-AR-5352) અને કોપર સહિત કુલ 58,400નો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં આરોપીઓએ ગત 15 માર્ચના રોજ પણ આ જ સ્થળે ચોરી કર્યાની કબૂલાત કરી હતી. હાલ માંડવી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ગડત ગામની યુવતીના નામ અને ફોટા સાથે અજાણ્યાએ ઇન્સ્ટાગ્રામ ID બનાવી દીધું

વ્યારાઃ ડોલવણના ગડત ગામમાં રહેતી એક 28 વર્ષીય યુવતીના ફોટા અને નામનો ઉપયોગ કરી કોઈ અજાણ્યા ઈસમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઇન્સ્ટાગ્રામ ID બનાવી દીધી હતી. જેની જાણ યુવતીને વ્યારાના બોરખડી ગામે રહેતી બહેનપણી દ્વારા ગત તા.14-3-2026ના રોજ થતાં યુવતીના ભાઈ દ્વારા અજાણ્યા ઈસમે બનાવવામાં આવેલા ખોટા ઇન્સ્ટાગ્રામ ID પર મેસેજ કરવામાં આવતાં કોઈ જવાબ મળ્યો ન હતો. ત્યારે યુવતીએ ગતરોજ ડોલવણ પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### શિયાલજ ગામમાં બેટરી ચોરોનો તરખાટ

હથોડાઃ પાલોદ પોલીસ મથકની હદમાં આવેલા શિયાલજ ગામે બેટરી ચોરોનો આતંક વધ્યો છે. તાજેતરમાં પટેલ ફળિયામાં રહેતા જીવણભાઇ જેકિશનભાઇ પટેલના ઘર પાછળ પાર્ક કરેલા ટ્રેક્ટરની બેટરી ચોરાઇ હતી. અગાઉ પણ અન્ય એક ખેડૂતના ટ્રેક્ટરની બેટરી ચોરાઇ ચૂકી છે. રહેણાક વિસ્તારમાં થયેલી આ ચોરીથી ગ્રામજનોમાં ભયનો માહોલ છે. ભોગ બનનાર ખેડૂતે પાલોદ પોલીસમાં લેખિત ફરિયાદ આપી ચોરોને ઝડપી પાડવા માંગ કરી છે.

### પાનોલીમાં બે કેબલ ચોરની ધરપકડ

અંકલેશ્વરઃ પાનોલી DGVCL ખાતે રોડ ક્રોસિંગની કામગીરી દરમિયાન સબ સ્ટેશન પાસે રાખેલ અંદાજે રૂ.1.40 લાખની કિંમતનો 108 મીટર કેબલ ચોરાયો હતો. કોન્ટ્રાક્ટર વિવેક મોદીની ફરિયાદના આધારે પાનોલી પોલીસે તપાસ હાથ ધરી નોબલ માર્કેટ વિસ્તારમાંથી અતિકુરહેમાન શાહ અને મોહમ્મદ આમીર સિદ્દીકી નામના બે આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

### કારેલીમાં બીમારીથી પીડાતા આધેડનું મોત

પલસાણાઃ મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના વતની અને હાલ કારેલી ગામે સ્વસ્તિક રેસિડેન્સીમાં રહેતા સંજયભાઇ હરીશભાઇ પવાર (ઉં.વ.52) છેલ્લા એક વર્ષથી કિડનીની બીમારીથી પીડાતા હતા. મંગળવારના રોજ તેમની તબિયત અચાનક બગડતા સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગડતમાં બાઇક સ્લિપ થતાં યુવકનું મોત

વ્યારાઃ ડોલવણના ગડતમાં વાપી-શામળાજી નેશનલ હાઈવે નં.56 પર બાઇક સ્લિપ ખાઈ જતાં યુવકનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ અનિલભાઈ આતરિયાભાઈ કાથુડ (ઉં.વ.29) (રહે.,બુધવાડા ગામ, ડાબરી ફળિયું, તા.સોનગઢ) ગત તા.23-3-2026ના રોજ પોતાની મોટરસાઇકલ નં.(GJ 26 AJ 2617) પર સોનગઢથી ગણદેવી સુગર ફેક્ટરીમાં જઈ રહ્યો હતો. દરમિયાન રાત્રિના સાડા નવ વાગ્યાના અરસામાં ડોલવણના ગડતમાં ને.હા.નં.56 પર નવા પુલનું બાંધકામ ચાલતું હોય ત્યાં બમ્પ પાસે અનિલે પોતાની બાઇક પૂરઝડપે હંકારી લાવતા બાઈક સ્લિપ ખાઈ ગઈ હતી. આથી અનિલને માથાના ભાગે ગંભીર ઈજા થતાં વ્યારા રેફરલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાંથી વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં અનિલને રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન અનિલનું મોત નીપજ્યું હતું.

### માંડવી પોલીસ દ્વારા નગરમાં ફ્લેગ માર્ચ યોજાઇ



હિતેશ પટેલ

માંડવીઃ આગામી રામ નવમીના પવિત્ર તહેવાર નિમિત્તે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને શાંતિપૂર્ણ માહોલમાં તહેવારની ઉજવણી થાય તે હેતુથી માંડવી પોલીસ દ્વારા શહેરમાં સઘન ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. માંડવી પોલીસ મથકના પી.એસ.આઈ. સહિતના પોલીસ સ્ટાફે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને સુરક્ષાનો અહેસાસ કરાવ્યો હતો. માંડવી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. તેમજ કોન્સ્ટેબલો સહિતના કાફલા દ્વારા યોજવામાં આવેલી આ ફ્લેગ માર્ચનું પ્રસ્થાન માંડવી પ્રાંત કચેરી ખાતેથી કરવામાં આવ્યું હતું. પ્રાંત કચેરીથી શરૂ થયેલી આ ફ્લેગ માર્ચ શહેરના મુખ્ય બજારમાંથી પસાર થઈ હતી. ત્યારબાદ જૈન દેરાસર અને સુપડી વિસ્તાર સહિતના વિવિધ સંવેદનશીલ અને મુખ્ય માર્ગો પર ફરીને અંતે પરત માંડવી પોલીસ સ્ટેશન ખાતે સંપન્ન થઈ હતી. રામ નવમીના પર્વ નિમિત્તે શહેરમાં શાંતિ જળવાઈ રહે એ માટે પોલીસ પ્રશાસન સંપૂર્ણપણે સજ્જ જોવા મળી રહ્યું છે.

# આખરે બારડોલી રેલવે બ્રિજ કાલથી શરૂ

**રૂ.30.89 કરોડનો આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ 2021માં શરૂ થયો હતો**

**ઓવરબ્રિજ ખુલ્લો મુકાશે તો અસ્તાન ગામ ઉપરાંત કડોદ રોડના ગ્રામજનો માટે બારડોલી આવવું સરળ બનશે**



બારડોલીઃ બારડોલીના અસ્તાન રેલવે ફાટક નં.25 પર શહેરનો પ્રથમ રેલવે ઓવરબ્રિજ શુક્રવારના રોજ નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખુલ્લો મૂકવામાં આવશે. ઓવરબ્રિજ તૈયાર થઈ ગયો હોવા છતાં ઉદઘાટનમાં થઈ રહેલા વિલંબ અંગે ગુજરાતમિત્ર દ્વારા સતત વાચા આપવામાં આવતાં અંતે સફાળા જાગેલા અધિકારીઓ બુધવારે સવારે જ સ્થળ પર પહોંચી ઓવરબ્રિજનું નિરીક્ષણ કર્યું હતું અને લોકાર્પણ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી.

બારડોલીમાં અસ્તાન રેલવે ઓવર બ્રિજ લાંબા સમયથી રેલવે ઓવરબ્રિજ બનીને તૈયાર હતો. પરંતુ નેતાઓની તારીખ મળતી ન હોય લોકો માટે ખુલ્લો મૂકવામાં વિલંબ થઈ રહ્યો હતો. સમયસર લોકાર્પણ નહીં થતાં પ્રજાજનોમાં પણ ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો. 18 માસમાં સમયગાળામાં પૂર્ણ થનાર આ પ્રોજેક્ટ પૂરો થતાં ચાર વર્ષ જેટલો સમય નીકળી ગયો હતો. સમગ્ર મુદ્દે ગુજરાતમિત્રએ પણ અવારનવાર પ્રજાના અવાજને વાચા આપી હતી. બુધવારના રોજ ગુજરાતમિત્રએ આ 'અસ્તાન ઓવરબ્રિજના લોકાર્પણમાં વિલંબ થતાં જનતાનો પારો ગરમ' શિર્ષક હેઠળ સમાચાર પ્રસિદ્ધ થયા હતા.

આ સમાચાર પ્રસિદ્ધ થતાંની સાથે જ સફાળા જાગેલા બારડોલી નગરપાલિકાના વહીવટદાર અને પ્રાંત અધિકારી જીજ્ઞાબેન પરમાર, ચીફ ઓફિસર સહિતની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઉદઘાટન માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. તેમજ આગામી 27મી માર્ચ, શુક્રવારના રોજ લોકાર્પણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. લોક લઈ તંત્રએ પણ તૈયારી શરૂ કરી દીધી છે. આ ઓવરબ્રિજ ખુલ્લો મૂકવામાં આવતાં અસ્તાન ગામ ઉપરાંત કડોદ રોડના ગ્રામજનો માટે બારડોલી આવવું સરળ બનશે.


### આમંત્રણ પત્રિકામાં મંત્રી પ્રફુલ પાનસેરિયાનું નામ નહીં લખાતાં વિવાદ




બારડોલીઃ બારડોલીના અસ્તાન રેલવે ઓવરબ્રિજના લોકાર્પણ પૂર્વે જ આમંત્રણ પત્રિકાને લઈને મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. આગામી ૨૭ માર્ચના રોજ યોજાનારા આ કાર્યક્રમની પત્રિકામાં સુરત જિલ્લાના અનેક નેતાઓનાં નામ હોવા છતાં, કામરેજના ધારાસભ્ય અને રાજ્યના મંત્રી પ્રફુલ્લ પાનસેરિયાનું નામ બાકાત રાખવામાં આવતાં ભાજપમાં આંતરિક ગણગણાટ શરૂ થયો છે. વધુમાં, પ્રોટોકોલ મુજબ અસ્તાન ગામના સરપંચના નામનો પણ ક્યાંય ઉલ્લેખ ન હોવાથી સ્થાનિક સ્તરે ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેના કારણે લોકાર્પણ પૂર્વે બારડોલીનું રાજકીય વાતાવરણ ગરમાયું છે.

# કરજણ ડાબા કાંઠા નહેરના સુધારણા-આધુનિકરણ માટે રૂ.142 કરોડની મંજૂરી

**પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલની દરમિયાનગીરીથી સૂકો વિસ્તાર પાણીદાર બનશે**



ભરૂચઃ નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા કરજણ ડાબા કાંઠા મુખ્ય નહેર અને શાખા નહેરના સુધારણા તથા આધુનિકરણ માટે રૂ. 142.23 કરોડના ખર્ચની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ નહેર અંદાજે 51 કિલોમીટર લાંબી છે.

રાજ્ય સરકારના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલની દરમિયાનગીરીથી આ વર્ષો જૂની કેનાલના સુધારણાનો નિર્ણય લેવાયો છે. આ પ્રોજેક્ટથી વાલિયા, ઝઘડિયા, અંકલેશ્વર અને નાંદોદ તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી શકશે. વિભાગના ઉપ સચિવ જે.જી. બરવાળીયા દ્વારા જારી કરાયેલા હુકમમાં જણાવાયું છે કે, આ મંજૂરી અંતર્ગત સ્થળ ચકાસણી, મોજણી, તાંત્રિક મંજૂરી, ઈ-ટેન્ડરિંગ અને સી.એમ. ડેશબોર્ડ સાથે યોજનાને લિંક કરવા સહિતની શરતોનું પાલન કરવાનું રહેશે. સરવે, જમીન સંપાદન અને વન વિભાગની પૂર્વ મંજૂરી જેવી પ્રક્રિયા બાદ જ વર્ક ઓર્ડર અપાશે.

### ઉંટિયાદરા ગામમાં વિદેશી દારૂ ઝડપાયો

અંકલેશ્વરઃ પાનોલી પોલીસને કોસંબાના બુટલેગર જિગ્નેશ પટેલે ઉંટિયાદરાની શિલાલેખ સોસાયટીમાં દારૂનો જથ્થો સંતાડ્યાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે રેડ કરી રૂ.2.80 લાખનો વિદેશી દારૂ ઝડપી જિગ્નેશને વોન્ટેડ જાહેર કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરની સરસ્વતી વિદ્યામંદિરમાં કાર્યક્રમ

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ શ્રી માધવ વિદ્યાનિકેતન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર (ગુજરાતી અને મરાઠી માધ્યમ) ખાતે શ્રી રામનવમીની ઉજવણી કરાઈ હતી.

# અંકલેશ્વરમાં ખંડેર મકાનમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વર ચૌટા બજાર નજીક એ ડિવિઝન પોલીસ મથક પાસે આવેલા પારેખ ફળિયાના એક જૂના ખંડેર મકાનમાં મૃતદેહ પડ્યો હોવાની જાણ સ્થાનિકોને થતાં લોકોનાં ટોળેટોળાં ઘટના સ્થળે ઊમટી પડ્યાં હતાં. સ્થળ પર આવેલી પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતદેહ અત્યંત વિકૃત હાલતમાં હોવાથી ઓળખ કરવામાં મુશ્કેલી પડી હતી, પરંતુ કપડાંના આધારે મૃતકની ઓળખ રક્ષાબહેન પટેલ તરીકે થઈ હોવાનું જાણવા મળ્યું હતું. તેના પતિ મહેશ પટેલે તા.9 માર્ચના રોજ પત્ની ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૃતદેહ અંદાજે 15 દિવસ જૂનો હોવાનુ અનુમાન છે અને સંપૂર્ણપણે ડીકમ્પોઝ હાલતમાં મળી આવ્યો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સ્થળ પર જ પેનલ દ્વારા પોસ્ટમોર્ટમ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

### ભરૂચમાં રામનવમી પૂર્વે પોલીસનું ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ

ભરૂચઃ ભરૂચ શહેરમાં રામનવમીના પર્વને ધ્યાનમાં રાખી ફ્લેગ માર્ચ અને ફૂટ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીવાયએસપી સી.કે. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો આ માર્ચમાં જોડાયો હતો. આ માર્ચ સોનેરી મહેલથી શરૂ કરવામાં આવી હતી, જે લલ્લુભાઈ ચકલા, હાજીખાના, ઊંડાઈ અને ધોળીકુઈ જેવા વિસ્તારોમાંથી પસાર થઈને કસક ગરનાળા સુધી પહોંચી હતી.

**શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.નવીપારડી**

તા.કામરેજ, જી.સુરત : ૩૯૪ ૧૫૦ (ગુજરાત)

મો.નં.૯૦૯૯૯ ૭૨૦૧૭ - ૯૦૯૯૯ ૭૨૦૩૯

e-mail-kamrejsugar@gmail.com

**સભાસદ જોગ**

શેરડી વાવેતર સીઝન : ૨૦૨૬-૨૭ માટે શેરડી વાવેતર માંગણી ફોર્મ તા.૧/૪/૨૦૨૬ થી તા.૧૬/૪/૨૦૨૬ દરમ્યાન (રવિવાર, જાહેર રજા સિવાય) સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતાં ગામોએ ખેતી વિભાગના ઝોન સુપરવાઈઝરને ભરી આપવાના રહેશે. જે તે ગામ પર વાવેતર ફોર્મ ભરવાનો સમય સવારે : ૮-૩૦ થી બપોરે : ૩-૦૦ કલાક દરમ્યાનનો રહેશે. વાવેતર ફોર્મ ભરવા માટેના પ્રોગ્રામની અગાઉથી જે તે ગામના ગ્રામ-પ્રતિનિધીશ્રીને જાણ કરવામાં આવેલ છે. ફોર્મ ભરતી વખતે સભાસદ પાસબુક અવશ્ય રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત નિયત કરેલ દિવસો દરમ્યાન જે તે ગામ પર વાવેતર અરજી આપવાની બાકી રહી હોય તેવા સભાસદોના ફોર્મ સંસ્થાની ખેતી વિભાગની ઓફિસમાં તા.૧૬/૪/૨૦૨૬ થી તા.૧૮/૪/૨૦૨૬ દરમ્યાન સ્વીકારવામાં આવશે. શેરડી વાવેતર અંગેના નીતિ-નિયમો વાવેતર ફોર્મમાં જણાવેલ છે.

તારીખ : ૨૫/૦૩/૨૦૨૬ (કે.એન.કાપસે)

સ્થળ : નવી પારડી મેનેજીંગ ડીરેક્ટર


Milano MULTIPLEX

બારડોલી

Dhurandhar The Revenge

11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333